ડાકોર ફાગણી પૂનમ મહોત્સવ 2026 | કલેક્ટરની અધ્યક્ષતામાં તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

ડાકોર ખાતે ફાગણી પૂનમ નિમિત્તે બે હજારથી વધુ પોલીસ જવાનો ગોઠવાશે

મંદિરમાં 3જી માર્ચે વહેલી સવારે 2 વાગ્યે મંગળા આરતી થશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.10

ડાકોર ખાતે આગામી 27મી ફેબ્રુઆરીથી ચોથી માર્ચ સુધી યોજાનારા સુપ્રસિદ્ધ ફાગણી પૂનમ મહોત્સવ-2026ના આયોજન અર્થે કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે મહત્વની બેઠક યોજાઈ હતી. શ્રદ્ધાળુઓ સુચારુ રીતે ભગવાન રણછોડરાયજીના દર્શન કરી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને અન્ય પાયાની સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.

ડાકોર ટેમ્પલ કમિટીના જણાવ્યા અનુસાર, 3જી માર્ચ, મંગળવારના રોજ વહેલી સવારે 1-45 કલાકે નિજ મંદિર ખોલવામાં આવશે અને 2-00 કલાકે મંગળા આરતી કરવામાં આવશે. 2થી 3-30 વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે. જ્યારે સવારે 4-00 કલાકે શણગાર આરતી બાદ 4થી 6 દરમિયાન ફૂલડોળના દર્શન યોજાશે.

આ મહોત્સવ દરમિયાન સુરક્ષા માટે બે હજારથી વધુ પોલીસ જવાનોની નિયુક્તિ કરવામાં આવશે. સમગ્ર વિસ્તારમાં 8 બંદોબસ્ત પોઈન્ટ અને 44 આડબંધ (બેરિયર્સ) તૈયાર કરવામાં આવશે. ભીડ પર નિયંત્રણ રાખવા અને પરિસ્થિતિના મોનિટરિંગ માટે નેત્રમ, સીસીટીવી, મોબાઈલ એપ્લિકેશન અને પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે. કોઈપણ મુંઝવણના નિરાકરણ માટે 7 પોલીસ સહાયતા કેન્દ્રો કાર્યરત રહેશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, નગરપાલિકા પ્રમુખ અને વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતાં.

યાત્રિકો માટે અન્ય સુવિધાઓ:

પરિવહન અને પાર્કિંગ : અમદાવાદ, ઠાસરા અને ઉમરેઠ તરફથી આવતા વાહનો માટે અલગ-અલગ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરાઈ છે. મુસાફરો માટે વધારાની સરકારી બસો દોડાવવામાં આવશે અને હંગામી બસ સ્ટેશન પર જ પ્રસાદ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

આરોગ્ય અને સ્વચ્છતા : વિવિધ પોઈન્ટ્સ પર એમ્બ્યુલન્સ અને મેડિકલ ટીમો તૈનાત રહેશે. કલેક્ટરે સમગ્ર ડાકોરમાં સ્વચ્છતા જાળવવા, દબાણો દૂર કરવા અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા કડક સૂચના આપી છે.

નિયંત્રણો : સુરક્ષાના ભાગરૂપે ગોમતી તળાવની ફરતે લોકોની અવરજવર સંપૂર્ણ બંધ રાખવામાં આવશે અને મહોત્સવ દરમિયાન નિર્ધારિત માર્ગો પર વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે.

નડિયાદમાં ખોદકામ દરમિયાન ગેસ લાઇન લીકેજ થતા ભાગદોડ

નડિયાદમાં વલીયારી માર્કેટ સામે મનપાના દ્વારા ખોદકામ દરમિયાન GSPCની મુખ્ય ગેસ પાઈપલાઈન ધડાકાભેર લીકેજ થઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરા-તફરી સર્જાતા સલુણ બજારથી મરીડા ભાગોળ તરફનો માર્ગ તાત્કાલિક બંધ કરી દેવાયો હતો. સાવચેતીના ભાગરૂપે નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ગેસના પ્રસારને રોકવા પ્રયાસ કર્યો હતો. GSPCની ઇમરજન્સી ટીમ પણ તુરંત દોડી આવી હતી અને લીકેજ સમારકામની કામગીરી હાથ ધરી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

આણંદમાં રાત્રિનું તાપમાન 14 ડિગ્રી પર જ સ્થિર થયું

વહેલી પરોઢે ઠંડીનો ચમકારો પણ યથાવત

(પ્રતિનિધિ) આણંદ તા 10

આણંદ જિલ્લાના મહત્તમ તાપમાનમાં પાછલા ૨૪ કલાક દરમિયાન કોઈ ફેરફાર જોવા મળ્યો. મહતમ તાપમાન 33 સેલ્સિયસ ડિગ્રી પર સ્થિર રહેતા દિવસ દરમિયાન મિશ્ર ઋતુનો અનુભવ જિલ્લાવાસીઓએ કર્યો હતો. જોકે વહેલી પરોઢે ઠંડીનો ચમકારો પણ યથાવત રહ્યો હતો. ત્યારે હવામાન વિભાગ દ્વાર સપ્તાહ દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

સમગ્ર જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ જ વધઘટ જોવા મળી ન હતી.જોકે લઘુત્તમ તાપમાનનો પારો 14-15 ડિગ્રી સેલ્સિયસ રહ્યો છે. તાપમાનમાં કોઈ જ મોટી વધઘટ ન થવા છતાં વાતાવરણમાં રહેલા ભેજ અને પવનના કારણે રાત્રે અને વહેલી પરોઢે ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો. મંગળવારે તાપમાનમાં સામાન્ય ફેરફારને નોધાવા સાથે મહત્તમ તાપમાન 33 ડિગ્રી તો લઘુત્તમ તાપમાન 15 ડિગ્રીએ સ્થિર રહ્યું હતું. જોકે મહત્તમ તાપમાન 33 ડિગ્રી ઉપર રહેતા બપોરના સમયે ગરમી પણ અનુભવાઈ હતી. ભેજનું પ્રમાણ 83 ટકા રહેવા પામ્યું છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા હજુ પણ સપ્તાહ દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેને લઈ જિલ્લાવાસીઓને સપ્તાહ દરમિયાન મિશ્ર ઋતુ અનુભવાઈ શકે છે.

અજરબૈજાનમાં યુવક-યુવતીને બંધક બનાવી રૂા. 65 લાખ વસૂલાયા

આણંદના યુવક - યુવતીને અમેરિકા મોકલવાના બહાને અપહરણ કરાયું

વીડિયો કોલમાં યુવકને માર મારતા બતાવી પરિવારો પાસે ક્રીપ્ટો કરન્સીમાં નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ તાલુકાના વાસદ અને ઝાંખરીયા ગામના બે પરદેશવાંચ્છુ યુવાનોને મુંબઈના એજન્ટોએ અજરબૈજાન અને કેનેડા થઈ અમેરિકા મોકલવાની લાલચ આપી વિદેશમાં બંધક બનાવ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અપહરણકારોએ વોટ્સએપ કોલ પર યુવકને ઢોર માર મારતા હોય તેવા વીડિયો બતાવી બન્ને પરિવારો પાસેથી કુલ 65 લાખ રૂપિયા પડાવી લીધા છે. આ મામલે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે 5 શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધાયા બાદ તપાસ એલસીબી (LCB)ને સોંપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાસદની 32 વર્ષીય યુવતી અને ઝાંખરીયાનો 22 વર્ષીય યુવક અમેરિકા જવા માંગતા હતાં. મુંબઈના એજન્ટો સાથે તેઓએ 70 લાખ રૂપિયામાં સોદો નક્કી કર્યો હતો, જેમાં શરત એવી હતી કે નાણાં અમેરિકા પહોંચ્યા બાદ આપવાના રહેશે. આ એજન્ટો મારફતે બન્ને 1લી તારીખે વડોદરાથી દિલ્હી અને ત્યાંથી ફ્લાઈટમાં અજરબૈજાન પહોંચ્યા હતાં. અજરબૈજાનમાં 'વિઝા ઓન અરાઈવલ' હોવાથી એજન્ટના સાગરિતો તેઓને લેવા આવ્યા હતા અને એક અજાણ્યા રૂમમાં લઈ જઈ બંધક બનાવી દીધા હતાં.

આ યુવક - યુવતીને ઉજી તારીખથી ગોંધી રાખવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. પવન નામના શખ્સે યુવકના પિતાને વીડિયો કોલ કરી યુવકને માર મારતા બતાવ્યો હતો અને ખંડણી માંગી હતી. આથી, ગભરાઈ ગયેલા પરિવારોએ 65 લાખ ક્રિપ્ટો કરન્સી મારફતે ચુકવ્યાં હતાં. જેમાં યુવકના પિતાએ 35 લાખ રોકડા અને 15 લાખ ક્રીપ્ટો કરન્સી કુલ 50 લાખ અને યુવતીનો પરિવારજનોએ 15 લાખ ક્રીપ્ટો કરન્સીથી ચુકવ્યાં હતાં. આમ છતાં, અપહરણકારોએ વધુ પૈસાની માંગણી ચાલુ રાખી છે અને ધમકી આપી છે કે જો નાણાં નહીં મળે તો બન્નેની કીડનીઓ કાઢીને વેચી દેવામાં આવશે.

આ ઘટનાની જાણ થતાં આણંદના સાંસદ મિતેષભાઈ પટેલે તુરંત જ ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયમાં રજૂઆત કરી છે.

વાસ્મોના સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓના પગાર બંધ

અત્યાર સુધીમાં 15 કોન્ટ્રાક્ટરો અને 8 કર્મચારીઓ જેલના સળિયા પાછળ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.10

રાજ્યમાં વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતી 'નલ સે જલ' યોજનામાં મહિસાગર જિલ્લામાં 123 કરોડનું આંચકાજનક કૌભાંડ સપાટી પર આવ્યું છે. જિલ્લાના 620 ગામોમાં પાણી સમિતિઓ, વાસ્મો (WASMO) સ્ટાફ અને એજન્સીઓની મિલીભગતથી આચરવામાં આવેલા આ ભ્રષ્ટાચારના કારણે સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

મહિસાગરના વાસ્મોના વર્તમાન યુનિટ મેનેજરની ફરિયાદના આધારે CID ક્રાઇમ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. આ તપાસના પગલે વાસ્મો વડી કચેરીએ કડક વલણ અપનાવી, તપાસમાં સંડોવાયેલા અને નાસતા ફરતા કર્મચારીઓને તાત્કાલિક અસરથી કામગીરીમાંથી દૂર કરી તેમના પગાર બંધ કરવાનો આદેશ કર્યો છે. જેમાં ગીરીશ વાળંદ (આસી. કોઓર્ડીનેટર), નિકુંજ વાળંદ (મેનેજર) સહિત સાત જેટલા મદદનીશ મેનેજરો સામે પોલીસ અને ખાતાકીય તપાસ તેજ કરવામાં આવી છે. આ કર્મચારીઓ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી મંજૂરી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં. આ કૌભાંડમાં સંડોવણી બદલ અત્યાર સુધીમાં 15 કોન્ટ્રાક્ટરો અને 8 કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે.

કપડવંજ પંથકમાં બિસ્માર રસ્તાને કારણે અકસ્માતોનો સિલસિલો યથાવત

કપડવંજની અંતિસર સીમમાં બે ટેમ્પા અથડાતાં બેના મોત

રોંગ સાઈડથી આવતા ટેમ્પાએ અન્ય ટેમ્પાને ધડાકાભેર ટક્કર મારી

(પ્રતિનિધિ) કપડવંજ તા.10

કપડવંજના પાંખીયા-લાડવેલ માર્ગ પર રવિવારની મોડી રાત્રે બે ટેમ્પા સામસામે અથડાતા કરુણ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બે વ્યક્તિઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

વલસાડના બારસોલ ગામના મિતેશ આહીર (ઉં.31) પોતાનો ટેમ્પો લઈને અરવલ્લી જિલ્લાના બાયડથી બટાકા ભરીને વાપી જવા નીકળ્યા હતા. રવિવારે રાત્રે આશરે 11-30 વાગ્યાના અરસામાં જ્યારે તેઓ અંતિસર સીમમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી આવતા એક ટેમ્પા ચાલકે ફૂલ લાઈટ સાથે અને પૂરઝડપે રોંગ સાઈડમાં આવી મિતેશભાઈના ટેમ્પાને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે અકસ્માત સર્જનાર ટેમ્પામાં સવાર શીવાજલાલ છીતરલાલ મીણા (રહે. રાજસ્થાન) અને શિવકુમાર રામનિવાસ બુનકર (રહે. મધ્યપ્રદેશ) ના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. જ્યારે ટેમ્પામાં સવાર અન્ય એક શખ્સ હેમરાજ મોતીલાલને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, કપડવંજના પાંખીયાથી સિકંદર પોરડાને જોડતો આ 18 કિલોમીટરનો માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે. આ માર્ગ પરથી 24 કલાક આંતરરાજ્ય ભારે વાહનોની અવરજવર રહેતી હોવા છતાં તંત્ર દ્વારા મરામત ન કરાતા અહીં અવારનવાર અકસ્માતો સર્જાય છે.

અલીણામાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત

મહુધાનું અલીણા ગામ દૂષિત પાણી પીવા મજબૂર

તલાટી અને સરપંચને લેખિત રજૂઆત કરવા છતાં સમસ્યા ઠેરની ઠેર

(પ્રતિનિધિ) નડિયાદ તા.10

મહુધા તાલુકાના અલીણા ગ્રામ પંચાયત હેઠળ આવતા કેટલાક વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે. ખાસ કરીને ગામના નાના અને મોટા કસાઈ વાડા વિસ્તારમાં પીવાનું પાણી અત્યંત દૂષિત અને ડોહળું આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે, જેના કારણે સ્થાનિક રહીશોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

આ ગંભીર બાબતે સ્થાનિક રહીશો દ્વારા તલાટી કમ મંત્રી અને સરપંચને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આ અંગે રહીશોનો આક્ષેપ છે કે, નળમાં આવતું પાણી પીવાલાયક નથી અને નર્મદાના પાણીમાં પણ અવારનવાર અશુદ્ધિઓ જોવા મળે છે. પંચાયત દ્વારા આ બાબતે સત્વરે તપાસ કરવામાં આવે અને શુદ્ધ પાણી પૂરું પાડવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો દૂષિત પાણીને કારણે વિસ્તારમાં મોટો રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે.

શિયાળાની ઠંડી ઘટી રહી છે અને હવે ઉનાળાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે દૂષિત પાણીના કારણે પ્રજામાં ભારે રોષની લાગણી જન્મી છે.

નગર પ્રાથમિક શાળાના મકાન ફાળવણીની માહિતી આપવામાં ઠાગાઠૈયા

નડિયાદની મનપાએ પોતાની જ કચેરીના હુકમની વિગતો છુપાવી

માહિતી આપવાના બદલે અધિકારીઓએ એક મહિના સુધી ધક્કે ચઢાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.10

નડિયાદ મહાનગરપાલિકામાં માહિતી અધિકાર (RTI) કાયદાનો ઉલાળિયો કરવામાં આવતો હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાલિકાના અધિકારીઓએ પોતાની જ કચેરીના રેકોર્ડ પર ઉપલબ્ધ માહિતી આપવાને બદલે અરજદારને એક મહિના સુધી ગેરમાર્ગે દોરી માનસિક પરેશાની ભોગવવા મજબૂર કર્યા હોવાની ફરિયાદ ઉઠી છે.

નડિયાદના મિશન રોડ પર આવેલી નગર પ્રાથમિક શાળા નંબર 22 ના મકાનમાં બી.એમ. પટેલ બાલ અધ્યાપન મંદિરને બેસવા દેવાની મંજૂરી અંગેની માહિતી એક જાગૃત નાગરિક દ્વારા માંગવામાં આવી હતી. આ મકાન ફાળવવાનો હુકમ ખુદ નગરપાલિકા કચેરી દ્વારા જ 15 ઓક્ટોબર 2024 ના રોજ કરવામાં આવ્યો હોવા છતાં, જન માહિતી અધિકારીએ અરજદારને માહિતી પૂરી પાડવાને બદલે અરજી વારંવાર તબદીલ કરી હતી.

અરજદારે જાન્યુઆરી માસની શરૂઆતમાં કરેલી અરજીને મહાનગરપાલિકાના માહિતી અધિકારીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં મોકલી આપી હતી, જ્યાંથી માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવી અરજી પરત મોકલાઈ હતી. આમ છતાં, અધિકારીઓએ ફરીથી એ જ કચેરીમાં અરજી ધકેલી દઈ અરજદારને ધક્કે ચઢાવ્યા હતા. આખરે અન્ય સંસ્થા પાસેથી મેળવેલા પુરાવાઓ દ્વારા સાબિત થયું હતું કે આ માહિતી પાલિકા પાસે જ ઉપલબ્ધ હતી.

માહિતી અધિકારના કાયદાની મજાક ઉડાવનાર અને અરજદારને ગેરમાર્ગે દોરનાર જવાબદાર માહિતી અધિકારી વિરુદ્ધ કડક પગલાં લેવા માટે મ્યુનિસિપલ કમિશનર અને વહીવટદારને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

આણંદમાં હાઇટેન્શન વીજવાયરો ચોરતી 'સારોલ ગેંગ'ના 3 પકડાયાં

ખંભાત, તારાપુર અને વીરસદ પંથકમાં તરખાટ મચાવ્યો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.10

આણંદ પંથકમાં હાઈટેન્શન વીજવાયરોની ચોરીના વધતા બનાવો વચ્ચે આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચે સારોલ ગામની કુખ્યાત ગેંગના ત્રણ સભ્યોને ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે. પ્રાથમિક તપાસમાં જ ખંભાત, તારાપુર અને વીરસદમાં વીજ કંપનીઓને નિશાન બનાવતી હતી. આ ગેંગના પકડાયા બાદ પોલીસે લાખોની કિંમતના વાયરોની ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને ચોક્કસ માહિતી મળી હતી કે, આ ગેંગ ચોરી કરવા માટે બોલેરો પીકઅપ ડાલાનો ઉપયોગ કરે છે અને તેમણે ચોરી કરેલા વાયરો દિવેલ રોડ કણભા સીમ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળા પાસે છુપાવ્યા છે. આ બાતમીના આધારે એલસીબીએ શાળા પાસે રેડ પાડી વોચ ગોઠવી હતી. આ દરમિયાન ત્રણ શખ્સો મુદ્દામાલ સગેવગે કરતા દેખાતા

પોલીસે ત્રાટકી હતી. પોલીસને જોઈ ત્રણેય શખ્સોએ ભાગવાની કોશિશ કરી હતી, પરંતુ એલસીબીએ ચપળતા દાખવી ત્રણેયને પકડી પાડ્યાં હતાં. આ શખસોની પુછપરછ કરતાં લાલજી ઉર્ફે લાલો રમણભાઈ તળપદા, વિજય રાયસિંગભાઈ તળપદા અને અજય રમેશભાઈ તળપદાને કોર્ડન કરી ઝડપી લીધા હતા. તેમની પાસેથી હાઈટેન્શન લાઈનના વાયરો સહિત રૂ. 23,000નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું કે આ ગેંગનો મુખ્ય સૂત્રધાર ધુળા નાનાભાઈ તળપદા અને તેનો પુત્ર અર્જુન છે.

કઇ કઇ ચોરીનો ભેદ ઉકેલાયો ?

- » ખંભાત: વટામણથી નવસારીની પાવર ગ્રીડ લાઇનમાંથી 450 મીટર કંડક્ટર વાયરોની ચોરી.
- » તારાપુર: GETCO ની લાઇનમાંથી અંદાજે 09 કિ.મી. લંબાઈના એલ્યુમીનીયમ વાયરોની તસ્કરી.
- » વીરસદ: કણભા સીમ વિસ્તારમાંથી 700 મીટર એલ્યુમીનીયમ વાયરોની ચોરી.
- » કાનવાડા-રસાલપુરા: હાઇટેન્શન વીજ પોલ પરથી વાયરોની ચોરી કરી હોવાની કબૂલાત.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225